T-20 વર્લ્ડકપ | આજની મેચ | શ્રીલંકા v/s ઈંગ્લેન્ડ ▶ સમયઃ બપોરે 03 વાગ્યે ▶ સ્થળઃ પલ્લેકલ | ભારત v/s દક્ષિણ આફ્રિકા ▶ સમયઃ સાંજે 7.00 વાગ્યે ▶ સ્થળઃ અમદાવાદ

અમદાવાદમાં આજે ખરાખરીનો જંગઃ ભારતીય ટીમ દ. આફ્રિકા સામે ટકરાશે

દક્ષિણ આફ્રિકાના પેસ એટેક સામે સૂર્યા અને તિલકની આકરી કસોટી, અભિષેક શર્મા પર રહેશે નજર

બંને ટીમ આજની મેચ જીતી સેમિફાઈનલ માટે દાવેદારી મજબૂત કરવા માગશે

મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.00 વાગ્યાથી

અમદાવાદ, તા. 21 (પીટીઆઈ): ટી-20 વર્લ્ડ કપના સુપર-8માં રવિવારે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે હાઈ-વોલ્ટેજ મુકાબલો ખેલાશે. ગ્રુપ સ્ટેજમાં તમામ ચાર મેચ જીતીને મજબૂત દેખાઈ રહેલી ભારતીય ટીમ માટે આ ખરી કસોટી હશે. ખાસ કરીને કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને તિલક વર્માની 'ધીમી પણ મજબૂત' બેટિંગ કરવાની નવી વ્યૂહરચનાની આફ્રિકાના ઘાતક બોલિંગ આક્રમણ સામે પરીક્ષા થશે.

દક્ષિણ આફ્રિકા પાસે કાગિસો રબાડા, લુંગી એન્ગીડી, માર્કો યાનસેન અને કેશવ મહારાજ જેવા દિગ્ગજ બોલરો છે. ભારત માટે અત્યાર સુધી ઓપનર ઈશાન કિશન (2 અર્ધસદી, 202નો સ્ટ્રાઈક રેટ) સિવાયના ટોપ ઓર્ડર બેટ્સમેનો સંઘર્ષ કરી રહ્યા છે. અભિષેક શર્મા સતત ત્રણ મેચમાં શૂન્ય પર આઉટ થયો છે, જે ભારત માટે ચિંતાનો વિષય છે. તિલક વર્મા અને સૂર્યકુમાર યાદવ પણ તેમની ક્ષમતા મુજબ રમી શક્યા નથી. ભારત રન બનાવવા માટે મોટે ભાગે હાર્દિક પંડ્યા અને શિવમ દુબે પર નિર્ભર છે.

ભારતની તાકાત તેની બોલિંગ છે. વરુણ ચક્રવર્તીએ 4 મેચમાં 9 વિકેટ ઝડપી છે અને જસપ્રીત બુમરાહે માત્ર 6ની ઈકોનોમીથી રન આપ્યા છે. પ્રથમ તબક્કામાં પાકિસ્તાન સહિત કોઈ પણ અન્ય ટીમ ભારતીય બોલર્સનો સામનો સરળતાથી કરી શકી નથી.

જોકે, આફ્રિકાના ક્વિન્ટન ડી કોક, ડેવિડ મિલર અને સ્ટબ્સ જેવા બેટ્સમેનો સામે આખી બોલિંગ યુનિટે શાનદાર દેખાવ કરવો પડશે. ભારત આ મેચમાં અર્શદીપના સ્થાને કુલદીપ યાદવ અને વોશિંગ્ટન સુંદરના સ્થાને અક્ષર પટેલને ટીમમાં પાછા લાવી શકે છે. બીજી તરફ, આફ્રિકાની ટીમમાં યાનસેન, એન્ગીડી અને મહારાજની વાપસી થશે. આ મેચ નક્કી કરશે કે ભારત ટાઈટલ જીતવા માટે કેટલું તૈયાર છે

પિચ રિપોર્ટ

સામાન્ય રીતે અમદાવાદમાં મર્યાદિત ઓવરોના ફોર્મેટમાં બેટ્સમેનોને મદદરૂપ થાય તેવી સારી પિચો જોવા મળે છે. જોકે, આ ટુર્નામેન્ટમાં સતત મેચો રમાવાને કારણે પિચ પર હવે થોડો ઘસારો જોવા મળી રહ્યો છે. આ મેચ તે જ પિચ પર રમાવાની છે જ્યાં અફઘાનિસ્તાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રોમાંચક 'ડબલ સુપર ઓવર' મુકાબલો થયો હતો. અગાઉની મેચ દિવસમાં રમાઈ હોવા છતાં પિચ ઘણી સ્પર્ધાત્મક રહી હતી. આ જોતા આગામી મેચમાં પણ બેટ અને બોલ વચ્ચે સરખી લડાઈ જોવા મળી શકે છે. જોકે પિચ પરના ઘસારાના કારણે બીજી ઈનિંગમાં પિચ સ્પિનર્સને મદદ કરી શકે છે.

દ. આફ્રિકા સામે ભારતે સાવધ રહેવાની જરૂર

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યા બાદથી દ. આફ્રિકા એક અલગ જ ટીમ તરીકે ઉભરી આવ્યું છે

હજુ માંડ બે મહિના પહેલા જ ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ભારતમાં ટેસ્ટ અને વ્હાઇટ બોલ સિરીઝ રમાઈ હતી. તેનાથી બંને ટીમોને સારો અભ્યાસ કરવા મળ્યો હતો, સાથે જ બંને ટીમોને એકબીજાની મજબૂતી અને નબળાઈઓ વિશે પણ ખ્યાલ આવ્યો હતો. એ ભૂલશો નહીં કે દક્ષિણ આફ્રિકા હજુ પણ લગભગ બે વર્ષ પહેલા બાર્બાડોસમાં રમાયેલા વર્લ્ડકપ ફાઈનલની હારના ઘા ભૂલ્યું નથી અને તેથી તેઓ બદલો લેવા માટે તરસ્યા છે. ત્યારથી, તેઓએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું છે અને હવે તેઓ સારી રીતે જાણે છે કે મોટી મેચોના દબાણને કેવી રીતે હેન્ડલ કરવું. ઘણી વખત જીતની સાવ નજીક હોવા છતાં નિષ્ફળ રહ્યા બાદ મળેલી એ એક જીતે તેમના આત્મવિશ્વાસમાં અદભૂત વધારો કર્યો છે અને ત્યારથી તેઓ રમતની તમામ ફોર્મેટમાં એક અલગ જ ટીમ તરીકે ઉભરી આવ્યા છે. હવે તેમની ટીમ વધુ શક્તિશાળી અને આક્રમક દેખાય છે અને તેઓ મેદાનમાં એવા આત્મવિશ્વાસ સાથે ઉતરે છે જેવો ભૂતકાળમાં વેસ્ટ ઈન્ડિઝ અને ઓસ્ટ્રેલિયાની ટીમોમાં જોવા મળતો હતો.

તેમને એ વાતનો પણ ફાયદો છે કે તેમના ઘણા ખેલાડીઓ IPLમાં રમે છે અને તેથી તેઓ અહીંની પરિસ્થિતિઓ અને ભારતીય પ્રેક્ષકોના દબાણથી પરિચિત છે. તેમના ગ્રુપની અન્ય ટીમોની

જેમ, તેઓએ તેમની તમામ મેચો ખૂબ જ આરામથી જીતી છે. માત્ર અફઘાનિસ્તાન સામેની મેચ એક અપવાદ હતી, અને અહીં જ તેમની બદલાયેલી માનસિકતા ફરી જોવા મળી હતી. તેઓએ ક્યારેય હાર ન માની, પોતાના કામ અને યોજનાઓને વળગી રહ્યા અને અંતે બીજી સુપર ઓવરમાં વિજય મેળવ્યો.

ભારતીય ટીમની જેમ, તેઓ કોઈ એક ખેલાડી પર નિર્ભર નથી અને તેમની ટીમમાં અનેક 'ગેમ-ટર્નર્સ' છે. બેટિંગમાં ક્વિન્ટન ડી કોક પર નજર રાખવી પડશે કારણ કે ભારત સામેનો તેનો રેકોર્ડ અદભૂત છે અને જો તે લય પકડી લેશે, તો ભારત માટે રાત ભારે પડી શકે છે. માર્કો જેન્સેન બેટ અને બોલ બંને વડે રમત પલટી શકે છે, પરંતુ લુંગી એન્ગીડી એક એવો બોલર છે જે પોતાની ગતિમાં વિવિધતા અને સ્લોઅર ડિલિવરી દ્વારા શાનદાર રીતે ઉભરી આવ્યો છે.

ભારત માટે અત્યાર સુધીની મેચોમાં અલગ-અલગ બેટ્સમેનોએ જવાબદારી નિભાવી છે જે એક સારો સંકેત છે. જોકે, બોલિંગ હજુ પણ 'વન એન્ડ ઓન્લી' જસપ્રીત બુમરાહ અને વરુણ ચક્રવર્તીના હાથમાં છે, સાથે જ હાર્દિક પંડ્યા હંમેશની જેમ ઇનિંગની શરૂઆતમાં અને અંતમાં એક-બે વિકેટ ઝડપીને પોતાનું યોગદાન આપી રહ્યો છે.

ફિલ્ડિંગ વિભાગમાં કદાચ દક્ષિણ આફ્રિકા પાસે થોડો ફાયદો રહેશે અને જો ભારત બાઉન્ડ્રી પરના ફિલ્ડરોને યોગ્ય રીતે ગોઠવશે, તો તેઓ કિંમતી રન બચાવી શકશે અને બાઉન્ડ્રી લાઇન પર આવતા મુશ્કેલ કેચ પણ પકડી શકશે.

દરેક ટીમ ઝુંબેશના આ ભાગની શરૂઆત જીત સાથે કરવા ઈચ્છશે અને જે ટીમ બાઉન્ડ્રીના રન બચાવશે તે જ અંતમાં હસતી જોવા મળશે.

ભારતીય મહિલા ટીમે ઓસ્ટ્રેલિયાને હરાવ્યું, ટી-20 સિરીઝમાં એતિહાસિક જીત

ભારતીય ટીમે એક દાયકામાં પ્રથમ વખત ઓસ્ટ્રેલિયા સામે દ્વિપક્ષીય T-20 આંતરરાષ્ટ્રીય સિરીઝ જીતી

વર્ષ 2016 પછી ઓસ્ટ્રેલિયાની ધરતી પર આ ભારતીય મહિલા ટીમની પ્રથમ શ્રેણી જીત

મંધાના અને જેમિમાની વિસ્ફોટક બેટિંગ, ભારતે 176 રન બનાવ્યા જવાબમાં ઓસ્ટ્રેલિયન ટીમ 159 રન બનાવી શકી

એડીલેડ, તા. 21 (પીટીઆઈ): ભારતીય મહિલા ક્રિકેટ ટીમે શનિવારે ઓસ્ટ્રેલિયા સામેની નિર્ણાયક ત્રીજી અને અંતિમ T-20 મેચમાં 17 રનથી શાનદાર જીત મેળવીને ઇતિહાસ રચ્યો છે. આ જીત સાથે ભારતે મજબૂત ઓસ્ટ્રેલિયન ટીમ સામે એક દાયકામાં પ્રથમ વખત દ્વિપક્ષીય T-20 આંતરરાષ્ટ્રીય સિરીઝ 2-1થી પોતાના નામે કરી છે. ભારત માટે આ જીત એટલા માટે પણ ખાસ છે કારણ કે વર્ષ 2016 પછી ઓસ્ટ્રેલિયાની ધરતી પર આ ભારતની પ્રથમ શ્રેણી જીત છે.

પ્રથમ બેટિંગ કરતા ભારતની શરૂઆત નબળી રહી હતી અને શેફાલી વર્મા (7 રન) વહેલી આઉટ થઈ ગઈ હતી. જોકે, ત્યારબાદ વાઈસ-કેપ્ટન સ્મૃતિ મંધાના (82 રન) અને જેમિમા રોડ્રિગ્સ (59 રન) વચ્ચે બીજી વિકેટ માટે માત્ર 66 બોલમાં 121 રનની વિસ્ફોટક ભાગીદારી થઈ હતી. મંધાનાએ પોતાની ઇનિંગમાં 8 ચોગ્ગા અને 3 છગ્ગા ફટકારી કારકિર્દીની 33મી અડધી સદી નોંધાવી હતી. અંતિમ ઓવરોમાં ઋચા ઘોષે (18 રન, 7 બોલ) ઉપયોગી યોગદાન આપતા ભારતે 20 ઓવરમાં 6 વિકેટે 176 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમ 20 ઓવરમાં 9 વિકેટે 159 રન જ બનાવી શકી હતી.

ઓસ્ટ્રેલિયન ટીમ પર ભારતીય બોલરોએ શરૂઆતથી જ દબાણ બનાવી દીધું હતું. શ્રેયંકા પાટિલ (3 વિકેટ) અને રેણુકા સિંહે (1 વિકેટ) પાવરપ્લેમાં જ ઓસ્ટ્રેલિયાનો સ્કોર 3 વિકેટે 32 રન કરી દીધો હતો. અરુંધતી રેડ્ડીએ 2 જ્યારે યુવા સ્પિનર શ્રી ચરણીએ 3 વિકેટ ઝડપી હતી.

રાજકીય જૂઠાણાને કારણે ટીમ વર્લ્ડકપથી વંચિત રહીઃ બાંગ્લાદેશ કોચ

ટી-20 વર્લ્ડકપમાં ભાગ ન લેવાનો નિર્ણય ખેલાડીઓએ લીધો હતો તેવું પૂર્વ સલાહકાર નઝરુલનું નિવેદન સદંતર જૂઠાણુ છેઃ કોચ

સરકારે ભારત જવાની ના પાડીને ખેલાડીઓનાં સપનાં તોડ્યા

ઢાકા, તા. 21 (પીટીઆઈ): બાંગ્લાદેશના સહાયક કોચ મોહમ્મદ સલાહુદ્દીને પૂર્વ ખેલ સલાહકાર આસિફ નઝરુલ પર આકરા પ્રહારો કરતા આરોપ લગાવ્યો છે કે તેમણે તથ્યોને ખોટી રીતે રજૂ કર્યા અને T20 વર્લ્ડકપમાં ટીમની ભાગીદારી મુદ્દે પોતાનું વલણ બદલી નાખ્યું.

સલાહુદ્દીને દાવો કર્યો કે ટુર્નામેન્ટમાંથી બહાર થવાના નિર્ણયથી ખેલાડીઓ માનસિક રીતે ભાંગી પડ્યા હતા, ખાસ કરીને બે ખેલાડીઓ પાંચ દિવસ સુધી ઊંડા આઘાતમાં રહ્યા હતા.

નઝરુલે શરૂઆતમાં એવું નિવેદન આપ્યું હતું કે સુરક્ષાના કારણોસર ભારત ન જવાનો નિર્ણય સરકારનો હતો, પરંતુ રાજીનામું આપ્યા બાદ તેઓ પોતાના નિવેદનથી ફરી ગયા અને બધો દોષ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) અને ખેલાડીઓ પર ઢોળતા કહ્યું ટુર્નામેન્ટમાં ભાગ ન લેવાનો નિર્ણય બોર્ડ અને ખેલાડીઓનો હતો.

સલાહુદ્દીને પત્રકારોને કહ્યું, 'તેમણે સદંતર જૂઠું બોલ્યું છે. ઢાકા યુનિવર્સિટીના શિક્ષક હોવા છતાં તેઓ આ રીતે જૂઠું બોલશે તેની મેં કલ્પના પણ નહોતી કરી. નિર્ણય લેવામાં ખેલાડીઓની કોઈ ભૂમિકા નહોતી.'

બાંગ્લાદેશે ભારત આવવાનો ઇનકાર કરતા તેમની જગ્યાએ સ્કોટલેન્ડને ટુર્નામેન્ટમાં સામેલ કરવામાં આવ્યું હતું. સલાહુદ્દીને અંતમાં ઉમેર્યું કે વર્લ્ડકપ રમવાનું દરેક ખેલાડીનું સપનું હોય છે જે એક ક્ષણમાં ચકનાચૂર થઈ ગયું.

Manufactures & Suppliers of
High Quality
Safety & Rescue Equipments
World Class
A-ONE FIRE SAFETY
SERVICES
Since 1995
85-86-87, Sardar Complex,
Opp. Sardar Bridge, Adajan Road, Surat.
Mo. 9825148113, 9624024644
mandeepa1@yahoo.com
www.aonefiresafety.com
HOSE REEL
FIRE EXTINGUISHER
DOUBLE HYDRANT VALVE
SAFETY GLOVES
SPEED BREAKERS
CORNER GUARD
FULL BODY HARNESS
SAFETY HELMET
SAFETY SHOES

સુપર-8 જંગઃ શ્રીલંકાના સ્પિન ટ્રેક પર ઈંગ્લેન્ડની કસોટી

પથુમ નિસાંકા અને આદિલ રાશિદ વચ્ચે જામશે જંગ

મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટ સ્ટાર પર બપોરે 3.00 વાગ્યાથી

પલ્લેકલ (શ્રીલંકા), તા. 21 (પીટીઆઈ): ટી-20 વર્લ્ડકપના સુપર-8માં રવિવારે શ્રીલંકા અને ઈંગ્લેન્ડ વચ્ચે રસાકસીભરો જંગ ખેલાશે. ઈંગ્લેન્ડની ટીમ અત્યાર સુધી અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શકી નથી, તેથી તેઓ આ મહિનાની શરૂઆતમાં શ્રીલંકા સામેની સિરીઝમાં મેળવેલા 3-0ના ક્લીન સ્વીપથી પ્રેરણા લેવાનો પ્રયાસ કરશે.

જોકે, લીગ સ્ટેજમાં ઈંગ્લેન્ડને એસોસિએટ દેશો સામે જીતવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો અને વેસ્ટઈન્ડિઝ સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

બીજી તરફ, સહ-યજમાન શ્રીલંકાએ ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમને હરાવીને બધાને ચોંકાવ્યા હતા, પરંતુ ઝિમ્બાબ્વે સામેની છેલ્લી મેચમાં હાર મળતા તેમની લય થોડી બગડી છે. શ્રીલંકા માટે પથુમ નિસાંકા શાનદાર ફોર્મમાં છે, જેણે આ વર્લ્ડ કપમાં અણનમ સદી પણ ફટકારી છે. તેની સાથે કુસલ મેન્ડિસ પણ ત્રણ અર્ધસદી સાથે મજબૂત દેખાઈ રહ્યો છે. જોકે, સ્ટાર બોલર મથીશા પથિરાનાની ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થવું શ્રીલંકા માટે મોટો ફટકો છે.

ઈંગ્લેન્ડ માટે જેકબ બેથલ (143 રન) અત્યાર સુધી શ્રેષ્ઠ બેટ્સમેન રહ્યો છે, પરંતુ કેપ્ટન હેરી બ્રુક અને જોસ બટલરનું ફોર્મ ચિંતાનો વિષય છે. બોલિંગમાં આદિલ રાશિદ (4 મેચમાં 6 વિકેટ) અને જોફ્રા આર્ચર પર ઈંગ્લેન્ડનો દારોમદાર રહેશે.

ગબ્બરની નવી ઈનિંગઃ શિખર ધવન અને સોફી શાઈન લગ્નગ્રંથિથી જોડાયા

ટીમ ઈન્ડિયાના પૂર્વ ઓપનર શિખર ધવને 21 ફેબ્રુઆરી, શનિવારના રોજ દિલ્હીમાં પોતાની આઈરિશ ગર્લફ્રેન્ડ સોફી શાઈન સાથે ખાનગી સમારોહમાં લગ્ન કરી લીધા છે. વર્ષ 2023માં આયેશા મુખર્જીથી અલગ થયા બાદ ધવનના આ બીજા લગ્ન છે. સોફી શાઈન વ્યવસાયે પ્રોડક્ટ કન્સલ્ટન્ટ છે અને હાલ અબુ ધાબીમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત છે. ધવનના લગ્નની કેટલીક તસવીરો સોશિયલ મીડિયમાં વાયરલ થઈ હતી. સોફી મનીષ મલ્હોત્રાના કલેક્શનના આઈવરી અને ઓરેન્જ કલરના 3D ફૂલોવાળા ટ્રેલ લહેંગા અને પર્લ એમ્બ્રોઈડરીવાળા હેડ વેલમાં

ધ હન્ડ્રેડમાં પાકિસ્તાની ખેલાડીઓ નહીં હોય તો તે શરમની વાત હશેઃ હેરી બ્રુક

એવા અહેવાલ છે કે આ ટુર્નામેન્ટમાં ભારતીય માલિકી ધરાવતી ફ્રેન્ચાઈઝીઓ હરાજીમાં પાકિસ્તાની ખેલાડીઓને લેવાનું ટાળી શકે છે

પલ્લેકલ, તા. 21 (પાટીઆઈ): ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રુકે શનિવારે એક મોટું નિવેદન આપતા જણાવ્યું કે, જો પાકિસ્તાની ખેલાડીઓને 'ધ હંડ્રેડ' ટુર્નામેન્ટમાંથી બહાર રાખવામાં આવશે તો તે 'શરમજનક' ગણાશે. કેટલાંક અહેવાલો મુજબ, ઈંગ્લેન્ડમાં રમાતી આ ટુર્નામેન્ટમાં ભારતીય માલિકી ધરાવતી ફ્રેન્ચાઈઝીઓ જેવી કે માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સ અને એમઆઈ લંડન, ભારત-પાક તણાવને કારણે હરાજીમાં પાકિસ્તાની ખેલાડીઓને લેવાનું ટાળી શકે છે.

બ્રુકે શ્રીલંકા સામેની મેચ પહેલા પત્રકાર પરિષદમાં કહ્યું કે, પાકિસ્તાન ક્રિકેટ ઈતિહાસનો મહત્વનો દેશ છે અને તેના 50-60 ખેલાડીઓ હરાજીમાં સામેલ છે. જો તેમાંથી કોઈને સ્થાન ન મળે તો તે દુર્ભાગ્યપૂર્ણ હશે.

ઉલ્લેખનીય છે કે, લંડનમાં યોજાનારી હરાજી માટે પાકિસ્તાનના કુલ 67 મહિલા અને પુરુષ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. પુરુષ ટી-20 વર્લ્ડકપમાં રમનારા લગભગ તમામ પાકિસ્તાની ખેલાડીઓ હરાજીમાં સામેલ છે

અનુસંધાન ... પાના પહેલાનું

ટ્રમ્પ ઘૂરાયાં...

૧૫૦ દિવસ સુધી રાખે છે. ટ્રમ્પે સુપ્રીમ કોર્ટની આકરી ટીકા કરતા જણાવ્યું કે તેમની ટેરિફ વ્યવસ્થાને 'ઈમરજન્સી પાવરનો ગેરકાયદે ઉપયોગ' ગણાવી રદ કરવાનો નિર્ણય "ઊંડી નિરાશા" જન્માવનારો છે. ટ્રમ્પે ચુકાદો આપનારા ન્યાયાધીશો માટે "ખૂબ જ શરમ અનુભવું છું" તેમ કહીને ઉમેર્યું, "તેમનો નિર્ણય ખોટો છે, પરંતુ તેનાથી કોઈ ફરક પડતો નથી કારણ કે અમારી પાસે અત્યંત શક્તિશાળી વિકલ્પો છે." ટ્રમ્પે આક્રોશ વ્યક્ત કર્યો છે અને ચેતવણી આપી છે કે જેઓ અત્યારે ઉજવણી કરી રહ્યા છે તેઓ 'વધારે સમય સુધી નાચી શકશે નહીં'. ગઈકાલે રાત્રે વ્હાઇટ હાઉસમાં કટોકટીની પ્રેસ કોન્ફરન્સને સંબોધતા ટ્રમ્પે કહ્યું કે, જે ન્યાયાધીશોએ તેમની યોજનાને ફગાવી દીધી છે તેઓ 'આપણા દેશ માટે કલંક' સમાન છે. તેમણે કહ્યું: "જે વિદેશી દેશો વર્ષોથી આપણને લૂંટી રહ્યા છે તેઓ કોર્ટના આ ચુકાદાથી અત્યંત ખુશ છે. તેઓ શેરીઓમાં નાચી રહ્યા છે - પણ તેઓ લાંબો સમય નાચી શકશે નહીં."

નિક્સને પપ...

ઊભું થયું હતું. અમેરિકા સતત વધુ આયાત કરી રહ્યું હતું અને નિકાસ ઓછી થઈ રહી હતી, જેના કારણે ડોલર પર દબાણ વધી રહ્યું હતું. ત્યારબાદ તત્કાલીન રાષ્ટ્રપતિ નિક્સને વિશ્વભરના દેશો પર ૧૦% ગ્લોબલ ટેરિફ લાદ્યો હતો. આ ઘટના બાદ એવું અનુભવાયું કે ભવિષ્યમાં જો આવી આર્થિક કટોકટી આવે, તો રાષ્ટ્રપતિ પાસે તેની સામે લડવા માટે કાનૂની અધિકાર હોવા જોઈએ. આ હેતુથી ૧૯૭૪ માં "ટ્રેડ એક્ટ ૧૯૭૪" પસાર કરવામાં આવ્યો હતો.

ટ્રમ્પે ન્યાયાધીશોને...

સભ્યો) વિશે કહી શકો છો. ખાસ કરીને જસ્ટિસ નીલ ગોર્સચ અને એમી કોની બેરેટ, જેઓ બહુમતીનો હિસ્સો હતા, તેમના વિશે પૂછવામાં આવતા ટ્રમ્પે કહ્યું, જો તમારે સત્ય જાણવું હોય તો, મને લાગે છે કે તે બંને તેમના પરિવારો માટે શરમજનક છે. જો કે, એથિક્સ એન્ડ પબ્લિક પોલિસી સેન્ટરના સિનિયર ફેલો અને જસ્ટિસ એન્ટોનિન સ્કાલિયાના ભૂતપૂર્વ લો-ક્લર્ક એડ વ્હેલને એક ઈમેલમાં લખ્યું હતું કે, ટ્રમ્પે તેમની વિરુદ્ધ મતદાન કરનારા ન્યાયાધીશો પર જે રીતે હુમલો કર્યો છે તેમાં તેમણે તમામ મર્યાદાઓ ઓળંગી દીધી છે.

ભારત-બ્રાઝિલે...

ક્ષેત્રોમાં સંબંધોને મજબૂત બનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી, અને ડહોળાયેલા ભૂરાજકીય વાતાવરણ વચ્ચે ભારત-બ્રાઝિલના ગાઢ વ્યૂહાત્મક જોડાણ પર ભાર મૂક્યો હતો. મોદીએ જણાવ્યું હતું કે ભારત અને બ્રાઝિલ એકમત છે કે આતંકવાદ અને તેના સમર્થકો માનવતાના દુશ્મન છે. પ્રમુખ લુલા મુખ્યત્વે 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ'માં ભાગ લેવા અને મોદી સાથે મંત્રણા કરવા માટે 18 ફેબ્રુઆરીથી પાંચ દિવસની ભારત મુલાકાતે છે.

બ્રાઝિલના નેતાની હાજરીમાં આપેલા પોતાના મીડિયા નિવેદનમાં મોદીએ કહ્યું, બ્રાઝિલ લેટિન અમેરિકામાં ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. અમે આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને 20 અબજ યુએસ ડોલરથી પાર લઈ જવા માટે પ્રતિબદ્ધ છીએ. અમારો વેપાર માત્ર એક આંકડો નથી, તે વિશ્વાસનું પ્રતિબિંબ છે. વર્ષ 2024-25માં ભારત-બ્રાઝિલ વેપારનું પ્રમાણ 12 અબજ યુએસ ડોલર સુધી પહોંચ્યું હતું, જેમાં ભારતની નિકાસ 6.77 અબજ ડોલર અને બ્રાઝિલથી આયાત 5.43 અબજ ડોલર રહી હતી.

પોતાના સંબોધનમાં લુલાએ કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાઓની આકરી ટીકા કરી હતી અને કહ્યું હતું કે આતંકવાદને કોઈ ધર્મ કે રાષ્ટ્રીયતા સાથે જોડવો જોઈએ નહીં. પ્રમુખએ કહ્યું કે અશાંત વૈશ્વિક વાતાવરણમાં ભારત અને બ્રાઝિલે તેમના વ્યૂહાત્મક સંબંધોને વધુ ગાઢ બનાવવાની જરૂર છે અને આ બંને શક્તિઓ વચ્ચેનો સંવાદ શ્રેષ્ઠતા નું જોડાણ છે.

અમેરિકા વેપાર...

રમેશે એમ પણ કહ્યું હતું કે અમેરિકા સાથેનો વેપાર કરાર હાલ હોલ્ડ પર રાખી દેવો જોઈએ. તેમણે કહ્યું હતું કે સરકારે સ્પષ્ટપણે જણાવવું જોઈએ કે જ્યાં સુધી અમેરિકા તરફથી ચોક્કસ સ્પષ્ટતા ન મળે ત્યાં સુધી આયાતનું ઉદારીકરણ કરવામાં આવશે નહીં અને ભારતીય ખેડૂતોના હિતોને નુકસાન ન થાય તેની ખાતરી કરવી જોઈએ. અહીં પત્રકારો સાથે વાત કરતા રમેશે ભારત-અમેરિકા વચગાળાના વેપાર સોદા અંગે સરકાર પાસેથી સ્પષ્ટતા માંગી હતી અને આ સોદા અંગે નવેસરથી વાટાઘાટો કરવાની માંગ કરી હતી.

આજનું પંચાંગ

તા. 22/02/2026, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** ફાગણ
તિથિઃ સુદ: પાંચમ: 11:11
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ફાગણ: 03
નક્ષત્ર : અશ્વિની:- 17:56
યોગ : શુક્લ, **કરણઃ** કૌવલ
રાશિઃ મેષ (અ,લ,ઈ)
દિવસ : શુભ
સુરતમાં સૂર્યોદય : 07:06 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:39
નવકારસી : 07:54
પારસી વર્ષ : 1395 મહેર માસનો 12મોરોજ
મુસલમાન વર્ષ : 1447, રમજાન માસનો 04થો રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
રાહુ કાળઃ સાંજે: 16:30 થી 18:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): પ્રવાસ અનુકુળ રહે. કાયદાકીય બાબતોનું ખાસ ધ્યાન રાખવું. યશકીર્તિ મળે. આવક વધશે.

વૃષભ (બ,વ,ઉ,): કોર્ટ-કચેરીનાં વિવાદમાં સાવધાની રાખવી. મનોરંજન પ્રવાસ થાય. સમાજ સેવાથી શાંતિ મળે.

મિથુન (ક,છ,ઘ,): સંતાનો સાથે વિવાદ કે રોક લગાવવાનું ટાળવું. વિદ્યાર્થીઓને મદદ મળે. મિત્રો સાથે વિવાદ થાય.

કર્ક (ડ,હ,): મિલકત બાબતે પ્રગતિ થાય. સમાજ અને જાહેર જીવનમાં પ્રતિષ્ઠા વધે. ધંધામાં આવક વધશે.

સિંહ (મ,ટ,): ભાગ્યના સાથનો અનુભવ થાય. નોકરી-ધંધાર્થે પ્રવાસ સફળ રહે. ઉત્સાહજનક સમાચાર મળે.

કન્યા (પ,ઠ,ણ,): ખર્ચા વધશે. આરોગ્યનું ધ્યાન રાખવું. પાણી અને ઋતુજન્ય રોગોથી સાવધાન રહેવું.

તુલા (ર,ત,): આળસ છોડવી. અચાનક તક મળશે. નવા કામનો આરંભ થઈ શકે છે. ઘરમાં તાલમેળ રહે.

વૃશ્ચિક (ન,ય,): વડીલો-ઉપરીવર્ગ સાથે મતભેદથી અશાંતિ વધે. આરોગ્ય નરમ રહે. ખર્ચા વધે. ગુપ્ત ભય સતાવે.

ધન (ભ,ધ,ફ,ઢ,): ઉત્સાહજનક સમાચાર મળે. મનોરંજન પ્રવાસ થાય. રચનાત્મક કાર્યથી માન વધે. ઘરનાં કામમાં પ્રગતિ.

મકર (ખ,જ,): ધર્મ-કર્મ-સત્સંગથી શાંતિ મળે. ઘરમાં અવરજવર વધે. બહારના કામના બોજ વધશે.

કુંભ (ગ,સ,શ,ષ,): બીજાને મદદ કરવાની ખુશી મળે. પ્રવાસમાં મિલન-મુલાકાત થાય. કાયદા બાબતે પ્રગતિ થાય.

મીન (દ,ચ,ઝ,થ,): આર્થિક જોખમથી બચવું. બિનજરૂરી ખર્ચા ટાળવા. કુટુંબ જીવનમાં આનંદમય વાતાવરણ રહે.

કોઈ પણ સાલમાં 22 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ચડતી-પડતી અને દોડધામ તથા નવી જવાબદારી અને નવાં ફેરફાર વાળું રહેશે. નોકરી-ધંધામાં હરીફોની પરેશાની વધશે. સમાજમાં સામાન્ય રહે. પરિવાર-કુટુંબના પ્રશ્નો માનસિક પીડા સતાવશે. આવક વધારવા માટેની યોજનામાં ચડતી-પડતી રહે. સંતાનોના અભ્યાસ અને કેરીયરના કામમાં વડીલો અને મિત્રોનો સાથ મળે. ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં અનુકૂળ રહેશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિદ્યો આવે. ઊંમરલાયકના વિવાહના ખર્ચા સતાવે. વારસા, જાયદાદ, જમીન વગેરેનો કામમાં કાયદાકીય પ્રશ્નો સતાવે. વિદ્યાર્થીઓને અનુકૂળતા રહે. વિદેશના કામમાં વિદ્યો આવશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. વર્ષ દરમિયાન આર્થિક બાબતે છેતરપિંડીથી સાવધાની રાખવી. આરોગ્યનું ધ્યાન રાખવું. જૂન-જુલાઈ અને રવિ-સોમ-બુધવાર તથા 4,13,22 અને 31 તારીખ નવાં કામ માટે અનુકૂળ રહેશે